અરવલ્લી-સાબરકાંઠામાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

શામળાજી ગોકુળિયું બન્યું : જય રણછોડ....માખણ ચોર...ના નારા ગુંજી ઉઠ્યા, નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી...ના નાદથી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં શનિવારે વિવિધ સ્થળોએ તેમજ મંદિરોમાં જન્માષ્ટમી નું પર્વ ભારે ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી રાત્રી ના ૧૨ ના ટકોરે જન્મોત્સવ ની સાથે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના નાદથી બંને જિલ્લા નું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.યાત્રાધામ શામળાજી ખાતે જન્માષ્ટમી ની ઉજવણી માં વહેલી સવારથીજ ભક્તો દ્વારા ભગવાન શામળિયાના દર્શન કરી ભવ્યાતિભવ્ય ઉજવણી માં જોડાવવા હજ્જારો ની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.મોડાસા શહેરની ઈસ્કોન સંસ્થા દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી બંને જિલ્લામાં કેટલાક સ્થળો પરંપરાગત લોક મેળા ભરાતા માનવમહેરામણ ઉમટ્યું હતું.

અરવલ્લી-સાબરકાંઠા ખાતે ભગવાન શ્રી કૃષ્ણનો

જિલ્લામાં કૃષ્ણજન્મોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવણીમાં પ્રજાજનો ભક્તિમાં લીન બની ગયા હતા અરવલ્લી ની ગિરિમાળાઓ વચ્ચે આવેલ રમણીય યાત્રાધામ શામળાજી ખાતે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.જન્માષ્ટમી માં ભગવાન કાળીયાદેવના દર્શનાર્થે શામળાજી મંદિરમાં સમગ્ર ગુજરાત, રાજસ્થાન તેમજ અન્ય રાજ્યોમાંથી હજ્જારોની સંખ્યામાં ભાવીભક્તો ઉમટ્યા હતા જન્માષ્ટમી ના ઉત્સવ પ્રસંગે શામળાજી મંદિરમાં દર્શનાર્થનીઓના ભારે ધસારાને ધ્યાને રાખી મંદિરટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં એલ.ઈ.ડી. સ્ક્રીન દ્વારા દર્શનની વિશેષ વ્યવસ્થા

કરવામાં આવી હતી મંદિરને કેળ, આસોપાલવ, વાંસના તોરણો તેમજ લાઈટોની રોશનીથી શણગારી શામળાજી ગામમાં આસોપાલવ ના તોરણોબાંધી સમગ્ર શામળાજી માં યુવાનો દ્વારા કૃષ્ણજન્મોત્સવ માટે ૧૦૦ થી વધુ મટકીફોડ કાર્યક્રમો યોજી પરંપરાગત ગીત-સંગીત ના તાલે ઝુમી ઉઠ્યા હતા ભગવાન કાળીયાઠાકોર ની શોભાયાત્રા માં ૫૦૦ કિલો અબીલ-ગુલાલ ની છોડો ઉડતા વાતાવરણ રંગીન બની ગયું હતું.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કેટલાક વિસ્તારો જેવા કે શામળાજી, શામપુર કુંઢેરા મહાદેવ મંદિરે, મોડાસા નજીક સબલપુરગામે પરંપરાગત લોકમેળાઓ ભરાયા હતા. મોડાસાના ઈસ્કોન સંસ્થા ના અનિલ પ્રભુ નિલેશ જોશી સહીત ટ્રસ્ટ અને ભક્તજનો દ્વારા દાડમ,ચીકુ, સફરજન,કેળા ના જયુસ,દૂધ,સાકર પંચામૃત થી અભિષેક કરવાની સાથે નંદ લાલાને છપ્પનભોગ ધરાવવામાં આવ્યો હતો રાસલીલા-કૃષ્ણ નાટ્યમ ભજવાયું હતું મોડાસાના ઓધારી માતાજીના મંદિરે ધામધૂમ પૂર્વક નંદ મહોત્સ્વ અને મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં મોડાસાના અબાલ,વૃદ્ધ સૌકોઈ ઉપસ્થિત રહ્યા હતા મોડાસા વાય.બી.એની ટીમ દ્વારા ઋષિકેશ, કૃષ્ણનગર, નિજધામ સોસાયટીમાં ડી.જે.ના તાલે ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. વાંટડા ગામે કુલઝમ ગ્રુપ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો.

પાલનપુરમાં જન્માષ્ટમીની ભવ્ય શોભાયાત્રા સાથે મટકી ફોડને જોવા ભારે ભીડ જામી

પાલનપુર માંજન્માષ્ટમીની શોભાયાત્રા દબાદબભેર નીકળી હતી શોભાયાત્રામાં શણગારેલા રથ વિવિધ દેવી-દેવતાની ઝાંખીઓ,

ઘોડા, શણગારેલી ઊંટગાડીઓ સાથે મોટી સંખ્યામાં ભાવિકો ભક્તો જોડાયા હતા ત્યારે સમગ્ર શહેર જય રણછોડ.. માખણ ચોર... ના જયઘોષના નાદ થી ગૂંજી ઉઠ્યો હતો રથયાત્રા માટે પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આ?વ્યો હતો.

ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવને પાલનપુર શહેરમાં રંગેચંગે મનાવવામાં ?આવ્યો હતો છે. પરંપરગત રીતે શોભાયાત્રાનું વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજન કરાયું છે. બપોરે ૧ વાગે બ્રિજેશ્વર કોલોનીથી પ્રસ્થાન થયેલી શોભાયાત્રામાં કૃષ્ણની ઝાંખી સહિત વિવિધ દેવી-દેવતાની ઝાંખીઓ, શણગારેલા રથ, ઘોડા, ઉંટગાડીઓ પણ જોડાઈ હતી. શોભાયાત્રામાં નાસિક ઢોલની સુરાવલી તેમજ ડીજેના સાઉન્ડએ આકર્ષણ જમાવ્યું હતું .આ રથયાત્રા બીજેશ્વર કોલોની થી નીકળી શહેરના મુખ્ય માર્ગો પર ફરી બ્રિજેશ્વર કોલોની પરત ફરી હતી. જન્માષ્ટમીની શોભાયાત્રાના રૂટમાં માર્ગો ઉપર શણગારેલી આકર્ષક ૧૦૦ થી વધુ ફળ, દહી, માખણ સાથેની મટકીઓ બાંધવામાં આવી છે. જે ખેલૈયાઓ પિરામીડ રચીને ફોડી હતી. શોભાયાત્રાને લઈને ભાવીકો અને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો. શોભાયાત્રામાં ભાવીકો માટે પંજરીનો પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો છે.પાલનપુર શહેર ના જુદા જુદા રાજ માર્ગો પર મંડળો દ્વરા ત્યાર કરેલી ઉંચી મટકી ઓને ખેલૈયાઓ ફોડી જન્માષ્ટમીની ની શાનદાર ઉજવણી કરી હતી.

પ્રાંતિજમાં જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકાના ગામ્ય વિસ્તારોમાં કુષ્ણ જન્મને લઈ કુષ્ણ મંદિરો સહિત શેરીઓ ગલ્લીઓ અને મહેલ્લા ઓમાં રાત્રીના ૧૨ ના ટકોરે ઠેરઠેર મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતાં.

પ્રાંતિજ સહિત તાલુકામાં કુષ્ણ જન્મ ને લઈને સવારથીજ વિવિધ

મંદિરોમાં તડામાર તૈયારીઓ હાથધરવામાં આવીહતી દિવસ ભર નંદ મહોત્સવ અલગ અલગ જગ્યાએ કાર્યક્રમો યોજાયા હતાં અને ગરબા, રાસગરબા, ભજન સહિત રાત્રીના બારના ટકોરે મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતાં જેમાં કનૈયાની સેના દ્વારા જુદી જુદી જગ્યાએ મટકી ફોડવામાં આવી હતી. જેમાં લાલ દરવાજા, રેલ્વે સ્ટેશન, ગુર્જરની પોળ, વિશ્વકર્મા મંદિર, શ્રીવેરાઈ માતાનાં મંદિર સહિત વિવિધ યુવક મંડળીઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતાં અને ૧૨ વાગ્યાના ટકોરે મંદિરની અંદર બનાવેલ કુટીરોમાં કુષ્ણ નો જન્મ પછી ઘોડીયામાં ભગવાન કાનાને હિંચકે ઝુલાવવા માટે પણ ભકતોની પડાપડી જોવા મળી હતી અને જય કનૈયાલાલકી ની ધુન સાથે આખુંય વાતાવરણ ભક્તિમય બની ગયુ હતું તો પ્રાંતિજ ઘનશ્યામ લાલાજી ની હવેલી ખાતે પણ વૈષ્ણવ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પાલનપુર નજીક આવેલ વિશ્વેશ્વર મહાદેવના દર્શને ભક્તોની ભીડ જામી

શ્રાવણ માસમાં વિશ્વેશ્વર મહાદેવનો મહિમા ઐતિહાસીક શિવમંદિરનાં દર્શન કરાવવા જઈ રહ્યા છીએ જેનુ મોટુ ધાર્મિક મહાત્મ્ય આવેલુ છે. આ મંદિર બનાસકાંઠાના અરવલ્લીની ગિરિમાળાઓંમાં આવ્યું છે અતિ પ્રાચીન વારસો ધરાવતું વિશ્વેશ્વર મહાદેવનું આ શિવ મંદિર પ્રકૃતિના ખોળે ખળ-ખળ વહેતી બનાસનદીના તટ પર બનાવાયેલ છે. જોકે આ ધાર્મિક જગ્યા શ્રાવણ માસમાં ભક્તજનોથી ઉભરાઈ જાય છે.

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ગામથી ઉત્તરે ચાર કી.મી. દુર જુની સરોત્રી ગામે બનાસ નદીના કિનારે વિશ્વેશ્વર મહાદેવની આ જગ્યા હજારો વર્ષ પુરાણી અત્યંત પવિત્ર અને રમણીય છે. આ મંદિરનો ઈતિહાસ સેંકડો વર્ષ પુરાણા આ મંદિર વિશે એવુ કહેવાય છે કે, આ ક્ષેત્રના દંતાણી ક્ષેત્રમાં જયરાજ ચાવડાના ચૌદમી સદીમાં ચંદ્રાવતી નગરીની જાહોજલાલીના સમયમાં આ મંદિરની સ્થાપના થયેલ હોવાનું મનાય છે. બનાસ નદીના કિનારે આવેલ આ સ્થળે નદીનો પ્રવાહ વહેતો હોય ત્યારે રમણીયતા તેની વધી જાય છે. આ પવિત્ર સ્થળે શ્રાવણ માસમાં ભાવિકોની સખત ભીડ રહે છે. આ શિવમંદિરે દર મહાશિવરાત્રિએ મોટો મેળો ભરાય છે. આ મંદિર જીર્ણ થતાં હાલમાં તેમાં સુધારા-વધારા સાથે તેનો જિર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે. આ રમણીય સ્થળે શ્રાવણ માસમાં દુરદુરથી પર્યટકો મોટી સંખ્યામાં પિકનીક મનાવવા આવે છે. આ સ્થળે આવવા માટે ખાનગી વાહનો ઉપરાંત સરકારી બસોની વિશેષ સુવિધા ધારા યાત્રિકોને અનેક સગવડો આપવામાં આવે છે.ખાસ કરીને આ મંદિર બનાસ નદી કાંઠે આવેલ હોઈ, અહી ધાર્મિક ભાવે દર્શને આવતા યાત્રિકો નદીમાં ન્હાવાની મજા માણે છે.

આ શિવ મંદિર પાંડવો સમયનુ છે. અહી અજ્ઞાતવાસમાં ભ્રમણ કરતા આવી ચઢેલા પાંડવોએ અહી શિવલીગની પૂજા અર્ચના કરી આશીર્વાદ પણ મેળવ્યા હતા. અતિ પ્રાચીન વારસો ધરાવતું વિશ્વેશ્વરમહાદેવનું આ શિવ મંદિર માટેજ ચમત્કારી માનવામાં આવે છે.અને અહી નિત્ય શિવવાસ કરતા હોવાનુ મનાય છે.

પ્રાંતિજ ખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી નિકળી

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની દર વરસની જેમ આ વર્ષે પણ દાદા ની સવારી નિકળી હતી જેમાં શિવભકતો દ્વારા

દાદાની પધરાણી ઘરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેચી ધન્યતા અનુભવી હતી.

નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પાંડવો ના સમયથી અતિ પ્રાચીન મંદિર શ્રી માલ્કડેશ્વર મહાદેવ ની દરવર્ષ ની જેમ જન્માષ્ટમી ના દિવસે પાલખી સ્વરૂપે નગરયાત્રા કાઢવામાં આવીહતી અને અગાઉ થી નોંધણી થયેલ શિવભકતો ના ઘરે દાદાની પધરામણી કરવામાં આવીહતી જેમાંઆવર્ષે પણ શ્રી માલ્કડેશ્વર દાદાની સવારી દરવર્ષ ની જેમ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નિકળી હતી અને દાદાએભક્તોના ઘરે ઘરે જઈ આશીવાર્દ આપ્યાહતા.જયારે ભકતો દ્વારા દાદાની પધરામણી કરાવી દાદાની આરતી ઉતારી પોતે ધન્યતા અનુભવી હતી ત્યારે દર વરસે દાદાની પાલખી ભૂદેવો તથા પટેલ સમાજ ના યુવાનો દ્વારા નિયત સમયે અને અગાઉ નકકી કરેલ રૂટ ઉપર થઈ દાદાની સવારી ભકતો ના ઘરે ઘરે લઈ જવામાં આવેછે અને સંધ્યાકાળ પહેલાં દાદા સવારી પરત મંદિરમાં પહોચી જાય છે તો દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મંદિર વ્યવસ્થાપકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ડીસામાં શોભાયાત્રા નીકળી

ડીસામાં જન્માષ્ટમીની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં.આવી હતી.શહેરના ગોલ્ડન પાર્ક ,રિસાલા બજાર અંબિકાચોક , હાઈવે વિસ્તાર સહિત અનેક જગ્યાએ કૃષ્ણ જન્મના વધામણાં યોજાયા હતા તેમજ વર્ષોનીપરંપરા મુજબ ભગવાનની ભવ્ય શોભાયાત્રા ડીસાના રીસાલા બજાર થઈ પ્રસ્થાન પામી. હતી જેમાં મંગનલાલ માળી, રમેશભાઈ દેલવાડિયા, સંજયભાઈ બ્રહ્મભટ, બળદેવભાઈ રાયકા, જયેશભાઈ દેસાઈ સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો જોડાયા હતા. આ શોભાયાત્રાએ રિસાલા ચોકથી પ્રસ્થાન કર્યું હતું. આ શોભાયાત્રામાં જોડાયેલ યુવાનો દ્વારા ઠેર ઠેર મટકી ફોડ પણ કરવામાં આવ્યું હતું તેમજ યુવાનો અને યુવતીઓ દ્વારા અંગ કરતબ અને તલવારબાજી પણ ખેલવામાં આવી હતી. સમગ્ર શોભાયાત્રામાં "જય કનેયાલાલકી હાથી ઘોડા પાલખી" જય રણછોડ માખણચોર" ના નાદથી ગુંજી ઉઠી હતી.

ઝિંઝુડી માં જન્માષ્ટમી નિમિત્તે ખૂબ ધામ-ધૂમથી વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી મટકી ફોડી હતી.રાત્રે ભજન-કિર્તન કરી ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.ઉત્સવમાં ગામના વડીલો ભાઈઓ બહેનો,બાળકોએ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહી ઉત્સવ ની મજા માણી હતી.આ ઉત્સવ સમગ્ર ગામના જાગૃત યુવાનોએ ખુબ ભક્તિ ભાવથી રસ લઈ સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં કાજુ-બદામના હિંડોળાના દર્શન અને કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી

ધનસુરામાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં કાજુ બદામ ના સૂકા મેવા ના હિંડોળા ભરવામાં આવ્યા હતા.ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં કાજુ બદામ ના સૂકા મેવાના હિંડોળા મનહરભાઈ હીરાભાઈ પટેલ અને અન્ય ભક્તો તરફથી રાખવામાં આવ્યા હતા.સાથે કૃષ્ણ

જન્મોત્સવ ની ઉજવણી પણ કરવામાં આવી હતી. શ્રાવણ માસમાં મંદિરના પૂજારી પરેશભાઈ અને કોઠારી માધુભાઈ પટેલ ધ્વારા વિવિધ હિંડોળાનું આયોજન કરવામાં આવે છે.

ભિલોડામાં જન્માષ્ટમીની આનંદ ઉત્સાહભેર ઉજવણી

ભિલોડા,તા.૨૫

ભિલોડામાં લોકનાયક ભગવાન શ્રી કૃષ્ણ જન્મોત્સવના હેપ્પી બર્થ ડે સમાન જન્માષ્ટમીના

પાવન પર્વની આનંદ ઉત્સાહભેર ભક્તિ ભાવપુર્વક ભવ્યાતિભવ્ય ઉજવણી યોજાઈ હતી. જન્માષ્ટમીના મહાપર્વ નિમિત્તે રાત્રે ભજનો, ધુનો, લોક ડાયરાની રમઝટ ભક્તોએ બોલાવી હતી. જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ભિલોડામાં શ્રી લક્ષ્મીનારાયણ મંદીર ખાતે જન્માષ્ટમી નિમિત્તે દબદબાભેર ઉજવણી યોજાઈ હતી.ભિલોડાના હાર્દસમા વિવિધ વિસ્તારોમાં મટકીઓ બાંધવામાં આવી હતી. ભિલોડામાં ઠેર-ઠેર ઉંચા-ઉંચા માનવ પીરામીડો બનાવી મટકી ફોડવાના ભવ્ય કાર્યક્રમો નવયુવાનો ધ્વારા યોજાયા હતા. શ્રી લક્ષ્મીનારાયણ મંદીર,ચોકલી ચોકથી શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રા વાજતે-ગાજતે પ્રસ્થાન કરાયું હતું. બેન્ડવાજાની સાથે-સાથે સંગીતની શુરાવલી વચ્ચે શોભાયાત્રા વિવિધ માર્ગો ઉપર ફરી નીજ મંદીરે શોભાયાત્રા પરત ફરી હતી. કૃષ્ણ ભગવાનની શોભાયાત્રામાં અબીલ-ગુલાલ,કંકુની છોળો ઉડતી હતી.ભાવિક ભક્તો ભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા.

નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયાલાલ કી... હાથી ઘોડા પાલકી... જય રણછોડ માખણચોર... ના જયઘોષના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.ભિલોડાવાસીઓ કૃષ્ણઘેલા બની ગયા હતા.ભિલોડા જન્મોત્સવ સમિતી, હોદ્દેદારો, કાર્યકરો, વેપારીઓ, ગ્રામજનોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. જન્મોત્સવ સમિતી ધ્વારા શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રાનું આયોજન કરાયું હતું.શોભાયાત્રાનું પ્રસ્થાન સામાજીક, રાજકીય આગેવાનો અને ગ્રામજનોએ કરાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં ઠેર-ઠેર જન્માષ્ટમી પર્વની ઉજવણી

બનાસકાંઠા જિલ્લામાં ઠેર-ઠેર જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.અને નાના ભૂલકાઓએ કૃષ્ણના પેરવેશમાં મટકી ફોડના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.તેજરીતે પાલનપુર આબુ હાઈવે આવેલ બાલાજી સિટીના રહીશો દ્વારા જન્માષ્ટમી પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.જેમાં નાના બાળકો દ્વારા સોસાયટીમાં શોભાયાત્રા યોજવામાં આવી હતી.તેમજ મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેના પગલે સમગ્ર માહોલ ભક્તિના રંગે રંગાયો હતો.